# -: " ઈત્આમુત્તઆમ " :-
## ઈકરામ સાથે જમન જમાડવું

- ❋ ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) એ ફરમાવું કે, "જે પણ મુમિન કોઈ ઈમાનદારને થોડું પણ જમાડશે તો અલ્લાહતઆલા ઝરૂર તેને જન્નતની નેઅમતોથી નવાઝશે."
- ❋ ઈમામ મોહંમદ બાકિર (અ.સ.) એ ફરમાવું કે, "મુમિનને ઈઝઝત બખ્શીને પેટ ભરીને જમાડવું એ એક ગુલામને આઝાદ કીધા બરાબર છે.
- ❋ આપ (અ.સ.) એ આ વાત પણ વાઝેહ કીધી કે, "મુમિનને ખુશ કરવું એ અલ્લાહને નઝદીક તમામ નેક આઅમાલ કરતા ઝિયાદહ પસંદીદહ અમલ છે."
- ❋ ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) નો આ કૌલ છે કે, "જેએ અલ્લાહની રાહમાં એક હાજિતમંદ ભાઈને અલ્લાહની નેઅમતોનું જમન મોહય્યા કીધું તો અલ્લાહ તેને મુમેનીનની પૂરી જમાઅતને જમાડવા બરાબર સવાબ બખ્શી દે છે."
- ❋ નબીયુલ્લાહ મોહંમદ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, "જે પણ મેહમાન કોઈ ઈમાનદારના ઘરમાં પધારે છે, તો એને સાથે તે ઘરની રોઝી પણ લઈને આવે છે. હવે જે વક્ત મેહમાન તે ઘરમાંથી રૂખ્સત લે છે તો તેને સાથે પોતાના મૈઝબાનના સગીરા ગુનાહોના અઝાબને પણ માંજીને જાય છે. યાઅની બેશક તે મેહમાન, મૈઝબાનના ગુનાહોના અઝાબને દફાઅ કરે છે." ★
- ❋ હર એક મુમિનને જોઈએ કે, પોતાના મેહમાનની બરાબર મેહમાન નવાઝી કરે. મેહમાન-નવાઝીની મુદ્દત ત્રણ દિન તક હોય છે, અગર આનાથી ઝિયાદહ કોઈ મેહમાન બને તો તે સદકામાં શુમાર થાય છે.
- ❋ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, જે વક્ત તમારે નઝદીક તમારો ભાઈ આવે તો તમારાથી જે બને તે તેના વાસ્તે પૈશ કરો, ખિદમતમાં મુકો. જો કઈ ન બને તો ફક્ત પાનીનું એક કાસ યા એક ઘૂંટથી તેનો એહતેરામ કરો. જે શખ્સ પોતાના ભાઈની ખિદમત કરવામાં ખચકાશે યા બખીલી કરશે તો રાત-દિન તે અલ્લાહની નફરત અને નારાઝગીનો શિકાર થાશે.
- ❋ મૌલાન અલી (અ.સ.) એ ફરમાવું કે, જે વક્ત મુમેનીન માંથી કોઈ તમારા ઘર પર આવે તો તમારે પાસે જમનમાં જે હાઝિર હોય તે બેહતર તરીકાથી તેની ખિદમતમાં મુકો.
- ❋ મૌ.જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, તમારો મુમિન ભાઈ તમને જમવા વાસ્તે કહે તો તેને કોઈ કસમ આપવા તક મજબૂર ન કરવો જોઈએ, સબબ કે તે તમને ઈઝઝત અને કરામત આપવા માંગે છે.
- ❋ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ફરમાવે છે કે, જે શખ્સ ઈઝન યા દાઅવત બગૈર જમવા બેસી જાય તો તેને પોતાના પેટમાં આગના અંગારા ભરા બરાબર છે.
- ❋ આપ (સ.અ.વ.વ.) એ સલામ કરવાની ફઝીલત વાસ્તે ફરમાવું કે, જો તમે જમવા બેસા હોવ અને કોઈ શખ્સ આવે અને તમારા પર સલામ બોલે તો તેને ઈઝઝત બખ્શી તમારા સાથે જમવા બેસાડો, મગર જો તે સલામ ન બોલે તો તેને જમવાની દાઅવત ન આપો. ★